# Medical College, Baroda
## Vadodara, Gujarat, India

### જા હે રા ત

અત્રેની મેડીકલ કોલેજ, વડોદરા ખાતે આગામી ૩૮ માં લેબોરેટરી ટેકનીશીયન અને એક્ષ-રે ટેકનીશીયન તાલીમ અંગેનો કોર્પ ચાલુ કરવાનો હોઈ સદરહુ તાલીમ કોર્પમાં જોડાવા ઇચ્છતા ઉમેદવારો પાસેથી અરજી મંગાવવામાં આવે છે. દરેક ઉમેદવારે લેબોરેટરી ટેકનીશ્યન અને એક્ષ-રે ટેકનીશીયન બંનેમાંથી કયા કોર્પમાં દાખલ થવા ઇચ્છો છો તે મુજબ કોર્પનું નામ અરજીમાં દર્શાવવાનું રહેશે. જેની ખાસ નોંધ લેશો. જો બંન્ને કોર્પમાં અરજી કરવાની ઇચ્છા ધરાવતા હોય તેવા ઉમેદવારે બંન્ને કોર્પ માટે અલગ-અલગ અરજી કરવાની રહેશે. આ કોર્પમાં દાખલ થવા ઇચ્છતા ઉમેદવાર નીચે જણાવેલ લાયકાત ધરાવતા હોવા જોઇએ.

| | |
|---|---|
| લેબોરેટરી ટેકનીશીયન તાલીમકોર્પ:- | માન્ય યુનિવર્સિટીમાં બી.એસ.સી.ની પરીક્ષા પાસ કરેલ હોવી જોઇએ.(કેમીસ્ટ્રી, માઇક્રોબાયોલોજી, બાયોકેમીસ્ટ્રી અથવા બાયોટેકનોલોજી વિષય સાથે પાસ કરેલ હશે તેને પ્રથમ પસંદગી આપવામાં આવશે.) |
| એક્ષ રે ટેકનીશ્યન તાલીમ કોર્પ:- | માન્ય યુનિવર્સીટીમાં બી.એસ.સી.ની પરીક્ષા પાસ કરેલ હોવી જોઇએ (ફિઝીક્સ વિષય સાથે પાસ કરેલ હશે તેને પ્રથમ પસંદગી આપવામાં આવશે.) |
| વય મર્યાદા:- | બંન્ને તાલીમ કોર્પ માટે (અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ સુધી) વયમર્યાદા ૨૫ વર્ષથી વધુ હોવી જોઇએ નહિ. (અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે ૩૦ વર્ષથી વધુ હોવી જોઇએ નહિ) SC, ST, SEBC કેટેગરીના ઉમેદવાર માટે તા.૨૭/૦૬/૧૯૯૫ અને OPEN કેટેગરીના ઉમેદવાર માટે તા.૨૭/૦૬/૨૦૦૦ |
| જન્મ તારીખ:- | જન્મ તારીખ પહેલાની અરજી સ્વીકારવામાં આવશે નહિ. |

પ્રવેશ માટેની પ્રક્રિયા સરકાર દ્વારા તાજેતરમા પ્રસિધ્ધ કરાયેલ અનામત સંબધીમાં પરિપત્રોની જોગવાઇ પ્રમાણે જ કરવામાં આવશે. પસંદગી પામેલ ઉમેદવારને અત્રેની કોલેજમાં તાલીમ આપતા વિભાગોમાં પુરા સમય માટે તાલીમ લેવાની રહેશે. તાલીમના સમય દરમ્યાન કોઇપણ જાતનું સ્ટાઇપેન્ડ ચૂકવવામાં આવશે નહિ. તેમજ રહેઠાણની સુવિધા આપવામાં આવશે નહિ. તાલીમનો સમય પુરો થશે એટલે નિયમ મુજબ પરીક્ષા પસાર કરવાની રહેશે

<u>અ ર જી ના ન મુ નો</u>

| | | | |
|---|---|---|---|
| ૧) | જે કોર્પ માટે અરજી કરવાની હોય તેનું નામ | : | |
| ૨) | ઉમેદવારનું નામ (અટક પ્રથમ લખવી) ગુજરાતીમાં અંગ્રેજીમાં | : | |
| ૩) | જન્મ તારીખ | : | |
| ૪) | જાતિ | : | |
| ૫) | પત્ર વ્યવહારનું સરનામું | : | |
| ૬) | કાયમી સરનામું | : | |
| ૭) | મોબાઇલ નંબર | : | |

| પરીક્ષા વિષય સાથે | યુનિવર્સીટી પરીક્ષા પાસ થયાનું વર્ષ | મુખ્ય વિષય | કુલ મેળવેલ માર્કસ | પ્રયત્ન | ટકા |
|---|---|---|---|---|---|
| | | | | | |

અરજદારની સહી:

બી.એસ.સી. પરીક્ષામાં અન્ય વિષય અને માર્કસ :-

ઉપર મુજબના નમુના પ્રમાણેની અરજી પાસપોર્ટ સાઇઝના ફોટા સાથે તેમજ જરૂરી પ્રમાણપત્રોની નકલ સાથે ડીનશ્રી, મેડીકલ કોલેજ, વડોદરાને **<u>તા.</u>૨૭/૦૬/૨૦૨૫** ના રોજ સાંજે <u>૬.૦૦</u> *કલાક* સુધીમાં મળે તે રીતે મોકલી આપવી. મુદ્દત બાદ મળેલ અરજી, અધુરી વિગતવાળી અરજી, જરૂરી પ્રમાણપત્રોની નકલ વગરની અરજી તથા સહી વિનાની અરજી આપો આપ રદ્ થવાને પાત્ર ગણાશે. જેની કોઇપણ ઉમેદવારને જાણ કરવામાં આવશે નહિ. અરજીપત્રક સાથે એચ.એસ.સી.ના તમામ પ્રયત્નનોની માર્કશીટ (આગળ-પાછળની ઝેરોક્ષ), ટ્રાયલ સર્ટીફીકેટ, બી.એસ.સી.ના ફસ્ટ થી ફાઇનલના તમામ વર્ષની/ સેમેસ્ટરની તમામ પ્રયત્નોની માર્કશીટ (આગળ-પાછળની ઝેરોક્ષ), ટ્રાયલ સર્ટીફીકેટ, બી.એસ.સી.નું પાસીંગ પ્રમાણપત્ર તેમજ જન્મ તારીખના પુરાવા માટે શાળા છોડયાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ જોડવાની રહેશે. અનામત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેના સરકારશ્રી દ્વારા માન્ય કરેલ સક્ષમ અધિકારીઓ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ તથા સા.શૈ.પ. વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી તે અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર તેમજ E.W.S (આર્થિક રીતે નબળા વર્ગો) નો લાભ લેવા ઇચ્છુક ઉમેદવારોએ આવકના પ્રમાણપત્રની નકલ અવશ્ય જોડવાની રહેશે. પ્રવેશ માટેના ઇન્ટરવ્યુ **<u>તા.</u>૨૫/૦૭/૨૫ ના રોજ અને રીસફલીંગના ઇન્ટરવ્યુ તા.૮/૮/૨૦૨૫ના** રોજ સવારે **<u>૧૦:૦૦</u>** કલાકે **મેડીકલ કોલેજ, વડોદરાના ઓડીટોરીયમ** હોલ ખાતે રાખવામાં આવે છે. ઇન્ટરવ્યુના દિવસે ઉમેદવારોએ ઉપર જણાવ્યા મુજબ તમામ અસલ પ્રમાણપત્રો સાથે રૂબરૂમાં હાજર રહેવું.

સરકારશ્રી દ્વારા આ સીટોમાં વધઘટ થાય તે મુજબ ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

સરકારશ્રી દ્વારા વખતો વખતના ઠરાવમાં થયેલા સુધારા વધારા દરેક ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

જાહેરાત મેડીકલ કોલેજ બરોડાની વેબસાઇટ:- www.medicalcollegebaroda.edu.in પર પણ ઉપલબ્ધ છે.

<u>નોંધ:-</u> મેરીટ બનાવવા અંગે છેલ્લા વર્ષ (અથવા ૫ અને ૬ સેમી.) ના ગુણ ટકાવારીમાં ધ્યાનમાં લેવાના હોઇ, જે માર્કશીટમા SGPA અને CGPA માં ગુણ દર્શાવેલ હોય. તેમાં યુનિવર્સીટીના નિયમ પ્રમાણે કેટલા ટકા ગણવા તેની પ્રમાણિત માહિતી આપવાની રહેશે. જો અરજીમાં ટકા અંગેની સ્પષ્ટ માહિતી લખેલ ન હશે તો સંસ્થા દ્વારા જે મેરીટ ગણવામાં આવશે તે માન્ય રાખવાનુ રહેશે.

:- **તા.૨૫/૦૭/૨૫ના રોજ** ગેરહાજર રહેલા ઉમેદવારને રીસફલીંગમા સીટ મળવાપાત્ર રહેશે નહિ.

:- કોઇપણ અગમ્ય કારણોસર જો ઇન્ટરવ્યુની તારીખમા ફેરફાર કરવામા આવશે તો ઉક્ત વેબસાઇટ પર જણાવવામા આવશે. જેની નોંધ લેવી.

સ્થળ:- વડોદરા
તારીખ: ૧૭/૦૬/૨૫

ડીન
મેડીકલ કોલેજ, વડોદરા

**ડીન**
**મેડીકલ કોલેજ**
**વડોદરા.**